પ્રોત્સાહન | નવી સ્પોર્ટ્સ પોલિસીમાં રમતવીરો માટે આકર્ષણોની ભરમાર

# ઓલિમ્પિક્સમાં ગોલ્ડ મેડલ લાવનારને 5 કરોડ ને ક્લાસ-1 ઓફિસરની નોકરી

- મેડિકલ-એન્જિ.નાં પ્રવેશ માટે બે ટકા અનામત
- સરકારી નોકરીઓમાં બે ટકા બેઠકો ખેલાડીઓ માટે

ભાસ્કર ન્યૂઝ. ગાંધીનગર

ગુજરાત સરકારે લાંબા સમય બાદ આખરે રાજ્યમાં રમતગમતની પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવા માટે સ્પોર્ટ્સ પોલિસીની જાહેરાત કરી છે. રમતગમત પ્રધાન નાનુ વાનાણીએ બુધવારે વિધાનસભામાં જાહેર કરેલી આ નીતિ હેઠળ ગુજરાતના ખેલાડીઓ ઓલિમ્પિક ગેમ્સમાં ગોલ્ડ મેડલ મેળવશે તો તેમને પાંચ કરોડ રૂપિયાનો રોકડ પુરસ્કાર અને ગુજરાત સરકારમાં ક્લાસ-1 ઓફિસર તરીકેની સરકારી નોકરી આપવામાં આવશે.

રાજ્યના રમતવીરોને મેડિકલ-એન્જિનિયરિંગમાં પ્રવેશ માટે બે ટકા અનામતનો લાભ મળશે. આ સાથે ગુજરાત સરકારની નોકરીમાં પણ બે ટકા બેઠકો ખેલાડીઓ માટે અનામત રાખવામાં આવશે. આ સ્પોર્ટ્સ પોલિસી થકી રાજ્ય સરકારે ગામથી લઈને શહેર સુધી સ્પોર્ટ્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવાની પણ જાહેરાત કરી છે. રાજ્યના દરેક જિલ્લામાં એક સ્પોર્ટ્સ સ્કૂલ પણ બનાવવાની જાહેરાત આ પોલિસીમાં કરવામાં આવી છે.

નવી સ્પોર્ટ્સ પોલિસીમાં કરવામાં આવેલી જોગવાઈ પ્રમાણે ગુજરાતનો ખેલાડી ઓલિમ્પિક ગેમ્સમાં ગોલ્ડ મેડલ મેળવે તો ₹5 કરોડ, સિલ્વર મેડલ જીતશે તો ₹3 કરોડ અને બ્રોન્ઝ મેડલ જીતશે તો ₹2 કરોડનો પુરસ્કાર આપવામાં આવશે. એ જ રીતે એશિયન ગેમ્સમાં ₹50 લાખથી ₹2 કરોડ, કોમનવેલ્થ એશિયન ચેમ્પિયનશિપમાં ₹20થી ₹50 લાખ અને નેશનલ ચેમ્પિયનશિપમાં ₹1થી ₹3 લાખ સુધીના રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

ઓલિમ્પિક ગેમ્સમાં કોઈ પણ મેડલ અથવા એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ મેળવનારા મૂળ ગુજરાતના વતની હોય તેવા ખેલાડીને સરકારમાં વર્ગ-1ના અધિકારી તરીકે નિમણૂક આપવામાં આવશે. એશિયન ગેમ્સમાં સિલ્વર અથવા બ્રોન્ઝ મેડલ મેળવનારા ખેલાડીને વર્ગ-2 અધિકારી તરીકે નિમણૂક આપવામાં આવશે. જ્યારે રાજ્ય સરકારની ગ્રૂપ-સીની ભરતીમાં ખેલાડીઓ માટે પણ બે ટકા જગ્યા અનામત રાખવામાં આવશે.

## સ્પોર્ટ્સ માટે દરેક ગામમાં 6 એકર જમીન અલાયદી

ખેલાડીઓ આંતરરાષ્ટ્રીય કક્ષાએ ભારતનું પ્રતિનિધિત્વ કરી શકે તે માટે શક્તિદૂત યોજના હેઠળ તાલીમ, સાધનો અને મુસાફરી માટે વાર્ષિક ₹25 લાખ સુધીની સહાય અપાશે. દિવ્યાંગ રમતવીરો માટે સ્પેશિયલ ખેલ મહાકુંભ અને રોકડ પુરસ્કારો અપાશે. વાનાણીએ કહ્યું છે કે, શિક્ષણ અને આરોગ્યની જેમ બાળકો અને યુવાનોને રમતગમતનો પણ અધિકાર મળશે. દર બે કિલોમીટરના અંતરે ખુલ્લું મેદાન મળી રહે તેવી વ્યવસ્થા કરાશે. નગરપાલિકા કે સત્તામંડળો દ્વારા સ્પોર્ટ્સ સંકુલો માટે નિયત જગ્યા અનામત રખાશે. દરેક ગામમાં 6 એકર જમીન અલાયદી રખાશે. મ્યુનિ.કોર્પોરેશન, પ્રાંત, તાલુકા અને જિલ્લા સ્તરે સ્પોર્ટ્સ ડેવલપમેન્ટ કાઉન્સીલ સ્થપાશે. આર્મીની જેમ પોલીસ સ્પોર્ટ્સ યુનિટની સ્થાપના કરાશે. રાજ્યમાં સ્પોર્ટ્સ ગુડ્સ પ્રોડક્શનનો પાર્ક વિકસાવાશે. જ્યારે અર્થતંત્રની કુલ જીડીપીમાં ફાળો આપી શકે તેવી રીતે સ્પોર્ટ્સ ઇન્ડસ્ટ્રીઝની સ્થાપના કરાશે.

## પીટી ટીચર વિના તાલીમ કેવી રીતે મળશે?

સ્કૂલોમાં હવે પીટીના શિક્ષકો રહ્યા નથી ત્યારે સરકાર શાળા કક્ષાએથી બાળકોને રમતગમતની તાલીમ કે રસ વધે તેવી પ્રવૃત્તિ કેવી રીતે કરશે તે એક પ્રશ્ન છે. રમતગમત પ્રધાને પણ સ્વીકાર્યું કે આરટીઈના અમલના પગલે શાળામાં હવે પીટી શિક્ષક રહ્યા નથી, પરંતુ સરકાર અને મુખ્યમંત્રીએ કેન્દ્રને નવી શિક્ષણ નીતિમાં ફરજિયાત પીટી ટીચર્સની રજૂઆત કરી છે, જેથી આવનારા સમયમાં દરેક સ્કૂલમાં પીટી ટીચરની ભરતી કરાશે.

## ક્રિકેટર્સને પ્રોત્સાહનની કોઈ જરૂર નથી

રાજ્ય સરકારની સ્પોર્ટ્સ પોલિસીમાં ક્રિકેટર્સ માટે કોઈ પણ પ્રકારનાં પ્રોત્સાહનની જોગવાઈ નથી. વિભાગના સચિવ મનીષ ભારદ્વાજે કહ્યું છે કે, ક્રિકેટમાં આપણે ઘણા આગળ છીએ તેથી તેમાં કોઈ પ્રોત્સાહનની જરૂરિયાત નથી, આ પોલિસી માત્ર ઓલિમ્પિક ગેમ્સને ધ્યાને રાખીને તૈયાર કરવામાં આવી છે.